**આંબાનો મેઢ :**

પુખ્ત કીટક આંબાની કુમળી ડાળીઓ તથા પીલાઓ પર ઉઝરડા પાડીને, કરડીને કે ચાવીને નુક્સાન કરે છે જે ગંભીર પ્રકારનું હોતું નથી. માદા કીટક ઝાડના થડની તિરાડમાં કે બે ડાળીઓના જોડાણ પાસે એકલદોકલ ઈંડાં મૂકે છે. તેમાથી નીકળતા કીડા છાલમાં થઈ છાલની નીચે જઈને તેને કોરી ખાઈ સર્પાકાર બોગદું બનાવે છે. આ બોગદા થડ પર નીચેથી ઉપરની તરફ જતાં જોવા મળે છે. કીડો ઝાડના મુખ્ય થડમાં દાખલ થઈ તેની અંદરનો ગર્ભ કોરી ખાય છે. ઘણી વખત આવા કાંણા કે છાલમાં કોરેલા બોગદામાંથી કીટકની હગાર અને લાકડાનો વ્હેર થડ પાસે પડેલો જોવા મળે છે. જે કીટકની હાજરી સૂચવે છે. વધુ ઉપદ્રવ હોય તો આખુ ઝાડ સુકાય જાય છે.

**નિયંત્રણ :** ઉપદ્રવિત ડાળીઓમાંથી તાજો વ્હેર બહાર પડતો જોવા મળે તો કાણામાં તાર ખોસી મેઢને મારી નાખવો. વધુ ઉપદ્વવ જણાય તો આવી ડાળીઓનો કાપીને નાશ કરવો. મેઢ થડ કે ડાળીમાં ઉંડે ઉતરી ગયો હોય તો કાણું સાફ કરી બે ભાગ કાર્બન ડાયસલ્ફાઈડ અને એક ભાગ ક્લોરોફોર્મનું મિશ્રણ બનાવી પિચકારી વડે આપી કાણું ભીની માટીથી બંધ કરવું અથવા કાણાંમાં ધુમકર નાખી કાણાંને ભીની માટીથી બંધ કરવું. કાણામાં ડાયક્લોરવોસ ૦.૦૪ % અથવા મેલાથીઓન ૦.૧ ટકાનું દ્રાવણ રેડી તેને ભીની માટીથી બંધ કરવાથી મેંઢ અંદર જ મરી જશે.

Scanned with CamScanner